Publication: Divya Bhaskar
Date: 23/8/2019
Page: 2
Column: 7-8

દિવ્ય ભાસ્કર, મુંબઈ, શુક્રવાર, 23 ઑગસ્ટ, 2019

# વીજ બિલ ચુકવણીમાં સરળતા માટે દહિસરમાં જીનિયસ કિયોસ્ક

## ગ્રાહકોએ હવે લાઈનમાં ઊભા રહેવું પડશે નહીં

ભાસ્કર ન્યૂઝ | મુંબઈ

ગ્રાહકલક્ષી પ્રતિબદ્ધતા પરત્વે વધુ એક કદમ આગળ વધતાં અદાણી ઈલેક્ટ્રિસિટીએ ગુરુવારે ચતુર્થ જીનિયસ પે લોન્ચ કર્યું, જે બિલ ચુકવણીમાં સરળતા માટેનું સેલ્ફ પેમેન્ટ કિયોસ્ક છે. આ કિઓસ્ક દહિસરમાં શૈલેન્દ્ર એજ્યુકશન સોસાયટી પાસે અદાણી રિસિવિંગ સેન્ટર ખાતે ઈન્સ્ટોલ કરવામાં આવ્યું છે. જીનીયસ પેના લોન્ચ સાથે ગ્રાહકોએ હવે લાઈનમાં ઊભા રહેવું પડશે નહીં. મુંબઈભરમાં ગ્રાહકલક્ષી સ્થાનો પર આવા કિયોસ્ક મૂકવામાં આવશે અને તે ચેક, રોકડ, ડેબિટ/ ક્રેડિટ કાર્ડસ દ્વારા ચુકવણી સ્વીકારશે.

એઈએમએલ મુંબઈભરમાં જીનિયસ પે કિયોસ્ક્સ સ્થાપશે, જેથી ગ્રાહકો તેમના નજીકના સ્થળે તાત્કાલિક ચુકવણી કરવા માટે આ સ્માર્ટ, ઝંઝટમુક્ત અને ઈન્ટરએક્ટિવ ડિજિટલ કિયોસ્ક સિસ્ટમનો ઉપયોગ કરી શકશે. જીનિયસ પે ગ્રાહકો માટે રોજ સવારે 7થી રાત્રે 11 વાગ્યે ચાલુ રહેશે. ગ્રાહકો કિયોસ્ક મશીનો થકી બિલોની ડુપ્લિકેટ કોપીઓ પણ મેળવી શકશે.